સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ભાડૂતી ભીડને અમારું સન્માન કરવા દો !
કાર્યકરો છો મરે, ટોળાં લઈને ફરવા દો !
વર મરે કે કન્યા, અમને પ્રભાણું ભરવા દો !
કરવા છાપ ઊભી, અન્યો-કોરોનામાં મરવા દો !
(પ્રમુખશ્રીનો પ્રચાર ઉન્માદ)

હાઈકુ

છે આજ્ઞાકારી -
કાર્યકરો જેવો જ -
'કોરોના' પણ...
(છે પ્રમુખશ્રીની સેવામાં)

પવિત્ર જનો -
'નવડાવે' બધાને -
લાગે ન ચેપ...
(સેનેટાઈઝ જીવન)

ચિંતન

ઉદેતિ ભવતાં વિશ્વમ્ વારિધૈઃ ઇવ બુદ્બુદઃ ।
ઈતિ જ્ઞાત્વા એકમ્ આત્માન્ એવમ્ એવ લયં વ્રજ ॥

ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

સમુદ્રમાં જેમ પરપોટા ઊઠે તેમ મારામાંથી સંસાર ઊભો થાય છે, એ જાણી, આત્માને જગત સાથે એક માની, તું પરમપદમાં લય પામી જા.

અહીં સ્પષ્ટ કહેવાયું છે કે પ્રથમ તો તું એ જાણી લે કે આ જે કાંઈ સંસાર છે તે મારામાંથી જ ઊભો થયો છે. સમુદ્રમાં પાણીમાં જેમ પરપોટા ઊઠે તેમ, પરપોટા લાંબો સમય ટકતા નથી. એ જ રીતે સંસાર પણ કાયમ નથી કે લાંબુ ટકતો નથી. એમ સૂચવે છે અને પરપોટો તૂટી જતાં પાછો પાણીમાં જ ભળી જાય છે. તેમ સંસાર પણ જે મારામાંથી જ ઊભો થાય છે તે હું તૂટી જતાં પાછો મારામાં જ ભળી જાય છે. અહીં હું ના, અહં ના તૂટવાની વાત છે. ટૂંકમાં સંસાર ક્ષણભંગુર છે, બલ્કિ બંને એકબીજા સાથે સંકળાયેલા જ છે. પરંતુ જીવન તો દેહ પડે ત્યારે પૂરું થાય છે, જ્યારે સંસારનું અસ્તિત્વ દેહભાવ છૂટતા જ રહેતું નથી. જીવ અને જગત ભિન્ન નથી. અને જીવ જ એકમાત્ર સત્ય છે. તે જાણવાનું છે!!

સુવિચાર

- ચલતે જાઓ, ચલતે જાઓ, દુનિયા ઝુકતી જાયેગી... રુક ગયે, તો દુનિયા ભૂલતી જાયેગી - **ઓશો**
- ઊંઘમાં આવતા સપનાઓ સાચા નથી હોતા પરંતુ એ સપના સાચા હોય જેના માટે તમે ઊંઘ બગાડો છો - **એપીજે કલામ**
- શબ્દો જયારે અંતરમાંથી આવે ત્યારે સીધા જ અંતરમાં ઊતરી જાય છે, લાગણીઓ જયારે ગણતરી નથી કરતા ત્યારે એ ગણિત વરસે છે - **અખંડ આનંદ**
- તમને એ પસંદ કરવાનો અધિકાર નથી કે તમે કેવી રીતે મરશો કે ક્યારે મરશો, તમે માત્ર એ જ નક્કી કરી શકો છો કે જીવશો કેવી રીતે, હમણાં !! - **ઈમર્સન**
- ખરાબ વિચારવા વાળા તો ખાખ થઈ ગયા સાહેબ... પણ અમે સારા હતા એ કોઈ સાબિત ન કરી શક્યું - **જીમેષ દાદા**
- અજવાળા તો બધા જ સંભાળીને રાખે... કોઈવાર અંધારાને પણ સંભાળી જોજો - **જીવનપાથેય**
- આજનું ઔષધ : કોઈ પણ પ્રકારનાં તાવમાં, આમળાં અને નાગરમોથનો ઉકાળો સવાર-સાંજ પચ્ચીસ મીલી લેવાથી લાભ થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

લગ્ન પછી છ મહિને દીકરી ઘરે પહેલી વાર આવી. એણે તેના પિતાને ઢગલાબંધ ફરિયાદો કરી. એણે કહ્યું કે જીવનમાં આવો સંઘર્ષ તે સહન નહીં કરી શકે. પિતા ખૂબ સમજદાર અને શાંત હતા. તેઓ પોતે ઉત્તમ રસોઈયા પણ હતા. તેમને દીકરીને કોઈ પ્રતિસાદ ન આપ્યો. અને દીકરીને લઈને રસોડામાં ગયા. એમને ત્રણ અલગ અલગ પાત્રોમાં ૧ લીટર પાણી લીધું. એકમાં બટેટા, બીજામાં ઈંડા અને ત્રીજામાં કોફી બીન્સ ઉકાળવા મુક્યા. દીકરી આ વખતે પણ ફરિયાદ કરતી રહી પણ પિતાજી ચૂપચાપ સાંભળી રહ્યા. વીસેક મીનીટ બાદ આ ત્રણેય તપેલીમાં મૂક્યા. અને બટેટા, ઈંડા અને કોફી બીન્સ કાઢી બીજા ત્રણ તપેલીમાં મૂક્યા. અને દીકરીને પૂછ્યું, 'તને શું દેખાય છે?' પિતાએ સમજાવતા કહ્યું. 'બટેટા, જે પહેલા સખત દેખાતા હતા. ઉકળતા પાણીમાં તે પોચા પડી કમજોર થઈ ગયા. ઈંડાના કવચે અંદર ના ગરની રક્ષા કરવાનો પ્રયત્ન કર્યો. અને ત્યાં સુધી પ્રયત્ન કર્યો કે ઈંડુ અંદરથી સખત થઈ જાય. જયારે આ કોફી બીન્સ જુઓ. તેમણે તો ઉકળતા પાણને જ બદલી નાખ્યું. બેટા એટલું ધારી લો કે તમારો વ્યવહાર કેવો હશે બટેટા જેવો કે કોફી જેવો કે ઈંડા જેવો?' સરળ દૃષ્ટાંતથી વડીલે દીકરીને જીવનનો ઉત્તમ પાઠ સમજાવી દીધો.

નવી શિક્ષણનીતિનો મૂલ્યલક્ષી અમલ અઘરો

તંત્રીસ્થાનેથી...

નવી શિક્ષણ નીતિ પર રાજયપાલોની પરિષદમાં મોદીએ તે પ્રજાની અને રાષ્ટ્રની સહિયારી શિક્ષણનીતિ બની રહે અને સરકારની ઓછામાં ઓછી દખલઅંદાજી રહે એવી અપેક્ષા વ્યક્ત કરી છે. વિદ્યાર્થી ગોખણપટ્ટી કરતાં 'ભણવા' માં -જ્ઞાનાર્જનમાં વધુ ધ્યાન કેન્દ્રિય કરી શકશે. નવી શિક્ષણનીતિ અભ્યાસક્રમને ઓવરટેક કરી સઘન વિચારસરણી પર ભાર મૂકે છે. ૨૧મી સદી ભારતની સદી બની રહે અને ભારત વિશ્વનું જ્ઞાનમય અર્થતંત્ર બની રહે એ દિશામાં તજજ્ઞો સાથે ઊંડા પરમાર્શના અંતે નવી શિક્ષણનીતિની રૂપરેખા ઘડાયેલ હોઈ એને સરકારી નીતિ કહેવા કરતાં રાષ્ટ્રની નીતિ કહેવી જોઈએ એવો વડાપ્રધાને અનુરોધ કર્યો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નવી શિક્ષણ નીતિમાં વિદ્યાર્થીને પરીક્ષા કરતાં આવડત - 'સ્કીલ' પર વધુ ધ્યાન આપવાનું શીખવવામાં આવશે. એને પ્રવાહોની ઝંઝટમાંથી પણ મુક્તિ મળશે. 'બેગ' અને 'બોર્ડ' - બેઉનું ભારણ વિદ્યાર્થી અને વાલી પર ઓછું થશે. વિદ્યાર્થીને એક વિદ્યાશાખામાંથી બીજી વિદ્યાશાખામાં જવાની છૂટ હશે. આ બધી બાબતો અત્યાર સુધીના ભારયુક્ત ભણતરથી વિદ્યાર્થીને મહંદશે મુક્ત રાખી શકશે. આ બાબત જરૂર આવકારદાયક ગણાય, પણ વિપક્ષોને સરકારની દાનત પર વિશ્વાસ નથી બેસતો. એમને તો એમ જ લાગે છે બદલાયેલા અભ્યાસક્રમમાં કદાચ આખે આખો બદલાયેલો ઈતિહાસ ભણાવાશે. મૂલ્યલક્ષી શિક્ષણ અને સાંસ્કૃતિક પુનરુત્થાનના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યક્રમની સંપૂર્ણ અસર હેઠળ ઈતિહાસની ઊથલપાથલ થશે એવી દહેશત ડાબેરીઓથી લઈ કોંગ્રેસ સહિતના વિપક્ષોને રહ્યા કરે છે. નવી શિક્ષણ નીતિ એ ૧૯૮૬ પછી અમલમાં આવનારું શિક્ષણક્ષેત્રમાં થનાર પ્રથમ પરિવર્તન હશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમના સમયના મિડિયોકર' વિદ્યાર્થી હતા. પરીક્ષામાં વધારે ગુણ મેળવવા કરતાં એમને સ્કાઉટ - એનસીસી વગેરે પ્રવૃત્તિઓમાં વિશેષ રસ હતો. એમની 'ટેલંટ' અલબત્ત, વડનગરની બી.એન. હાઈસ્કૂલના આચાર્ય રાસબિહારી મણિયારે પારખી લીધી હતી. પરંતુ સંજોગાવશાત મોદી સળંગ હાયર એજ્યુકેશન ન મેળવી શક્યા. એક યા બીજા કારણસર એમને સત્તર વર્ષની કાચી ઉંમરે, એસએસસી પછી ઘર, ગામ અને સમાજ છોડી બહાર નીકળી જવાનું પસંદ કર્યું હતું. એમને કદાચ પોતાનું તૂટક તૂટક ઉચ્ચ શિક્ષણ ખપ નથી લાગ્યું એટલું સ્વાશ્રય અને અનુભવથી મળેલું વહેવારું જ્ઞાન ઉપયોગી અને ઉપકારક નીવડ્યું છે. પરંપરાગત શિક્ષણપદ્ધતિમાં બાળકનું આખેઆખું બાળપણ જ હોમાઈ જાય છે.એને રીતસર બાળસહજ પ્રવૃત્તિઓથી દૂર ઢસડી જઈ 'પોપટ' બનાવી દેવાય છે અને માત્ર ગુણાંકન - પરસન્ટેજ કે પરસેન્ટાઈલના વકરા પર જ ધ્યાન અપાય છે. આવા ઊંચા ગુણાંકનવાળા વિદ્યાર્થીઓને એમનાં રસરુચિ જોયા વિના જ વાલીઓ અને શિક્ષકો, મેડિકલ, ઈજનેરી કે ટેકનિકલ લાઈન પકડાવી દે છે. એથી ભાષા-સંસ્કૃતિ ક્ષેત્રે ઊંચી ગુણવત્તાવાળા વિદ્યાર્થીઓ મળતા જ નથી. નવી શિક્ષણનીતિ આ ક્ષતિ સુધારી શકે એમ છે. વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક જીવનશૈલીનો આવિષ્કાર થવો જોઈએ. વર્ષોથી ચાલતી અંધશ્રદ્ધા, રૂઢિચુસ્ત પરંપરાઓ અને વર્ણવેદ કે સાંપ્રદાયિકતા જેવા અવગુણોને અવકાશ ન મળે એવી રીતે શિક્ષણ પદ્ધતિનું અમલીકરણ થાય તે જરૂરી છે. આશા રાખીએ કે વડાપ્રધાન શિક્ષણક્ષેત્રે પ્રવર્તી રહેલી બદીઓને નાબૂદ કરી કટ્ટરપંથીઓના જુનવાણી વિચારોથી મુક્ત અને સદ્ભાવ-સમભાવયુક્ત નવી શિક્ષણ પદ્ધતિનો રાષ્ટ્રીય કક્ષાએ અમલ કરાવશે. દક્ષિણનાં રાજયોને ત્રણ ભાષાઓ વાળી ફોર્મ્યુલા મંજૂર નથી કારણ કે એમાં એમને હિંદી ભાષા બળ જબરીપૂર્વક એમના પર થોપી દેવાશે એવી દહેશત છે. સંસ્કૃતને અપાનારું મહત્ત્વ પણ બિનહિંદુ પ્રજાને કઠશે કારણ કે એ બધાને સંસ્કૃત એ 'હિંદુત્વ'નો જ ભાગ લાગતી રહી છે. આ તમામ વ્યવધાનો પાર કરી આખા દેશને એકસરખી શિક્ષણનીતિ અને એક સરખો અભ્યાસક્રમ અમલી બનાવવાનું કાર્ય ધારીએ છીએ એટલું સહેલું નથી.

વિનોબા ભાવેના જીવન - કવનના સદ્ગુણોના અજવાળા આપણા ચિત્તમાં ફેલાય છે



અજવાળું - અજવાળું
તુષાર જોશી

'છોકરા, ઊઘાડા શરીરે આમ પુસ્તકાલયમાં બેસાતું હશે? અક્કલ છે કે નહીં ? ઉનાળાની ગરમીમાં એક કિશોર ખમીસ કાઢીને લાઈબ્રેરીમાં બેઠો હતો એને ખુને કહ્યું.... વાત પહોંચી વ્યવસ્થાપક પાસે, એ પણ કોટ કાઢીને કોલર ખુલ્લા રાખીને બેઠા હતા, અંગ્રેજ હતા. એમણે પણ ઠપકો આપ્યો.' છોકરા તને સભ્યતાની કાંઈ ખબર પડે છે કે નહિ ? તો કિશોરે જવાબ આપ્યો કે 'મને મારા દેશની સભ્યતાની ખબર છે ખુરશીમાં બેઠેલો માણસ, સામે ઊભેલા માણસને પહેલા બેસાડે છે ને પછી વાત કરે છે.' આ કિશોરની નીડરતા જોઈને વ્યવસ્થાપક ખુશ થયો. ખુરશી આપીને લાઈબ્રેરીમાં વાંચવાની સુવિધાઓ પણ આપી.

આ નીડર - સાહસી અને હાજર જવાબી કિશોર એટલે આપણા આચાર્ય વિનોબા ભાવે, જે પછીના વર્ષોમાં કેટલાયે સમય મૌન પણ ધારણ કરીને રહ્યા હતા.

આપણે ત્યાં અને વિદેશોમાં પણ એમ કહેવાય છે કે મા-બાપ કે વડીલો જે વર્તન કરે એની અસર બાળકો પર પડી... હમણાં જ કોઈના ઘરનો એક ઉગ્ર સંવાદ થઈ રહ્યો હતો, તો પુરુષે તુરંત એની પત્નીને કહ્યું હતું... હવે, બસ કર, આ નાના છોકરા પર ખરાબ અસર પડશે... માબાપ કે વડીલોના સારા-ઉદારને માનવતાપૂર્ણ વ્યવહારોની પણ એવી જ ઉમદા અસરો બાળકો પર પડતી હોય છે એ વાતની પ્રતીતિ વિનોબાના જીવનમાંથી મળે છે.

વિનાયક એમનું મૂળ નામ. જન્મ થયો ૧૮૯૫ સપ્ટેમ્બર માસની ૧૧ તારીખે, રાયગઢ જિલ્લાના ગાગોદા ગામમાં. પિતાનું નામ નરહરિ અને માતાનું નામ રૂક્ષ્મણીબાઈ.

દાદા અને માતાપિતા જેવા ત્રણ પાત્રો સાથેની નાની-નાની ઘટનાઓનું સ્મરણ કરીએ જેમાંથી વિનાયકમાંથી વિનોબાનું ઘડતર થયું છે.

દાતા શંભુરાવ ધર્મપુરુષ હતા. તેમનું શિવમંદિર તેઓ તહેવારોના દિવસોમાં, એ જમાનામાં, જ્ઞાતિ-જાતિના ભેદભાવ વિના સમાજના તમામ વર્ગો માટે ખોલી આપતા હતા. તેઓ માનતા હતા કે પ્રત્યેક માણસ ઈશ્વરનું સંતાન છે. દાદાની આવી અનેક વાતોની વિનોબા ઉપર અસર થઈ હશે જેના કારણે તેઓ આદર્શ શિક્ષક અને સામાજિક સમરસતાના આગ્રહી બન્યા.

એમના માતા પરગજૂ - માનવતાવાદી સ્વભાવથી સભર હતા... આજુબાજુમાં જયારે કોઈ સ્ત્રી બિમાર પડે તો એમના ઘરે તેઓ પહોંચી જતા - ત્યાં જઈને તેમના ઘરની રસોઈ બનાવી આપતા... હવે થતું એવું કે તેઓ પહેલા પોતાના ઘરની રસોઈ બનાવે ને પછી પડોશીના ઘરની બનાવે... દીકરા વિનાયકે એકવાર કહ્યું કે, 'મા, તું સ્વાર્થી છે, પહેલા આપણા ઘરની ને પછી પડોશીના ઘરની રસોઈ બનાવે છે... માતાએ કહ્યું, 'કારણ કે એમના ઘરની રસોઈ જમવાના સમયે ગરમ રહે...' હવે આ સાંભળીને વિનાયકે તો માતાની સમજદારીને માનવતાના ગુણને વંદન જ કરવાના હતા.

એમના પિતાજી વડોદરામાં નોકરી કરતા હતા. જયારે ગાગોદા આવે ત્યારે બાળકો માટે કાંઈને કાંઈ લેતા આવે. એકવાર મા એ કહ્યું, 'કાલે, તારા પિતાજી આવશે ને મિઠાઈ લાવશે...' બીજા દિવસે પિતાજી આવ્યા.... એક બોક્સ વિનાયકને આપ્યું. ખોલ્યું તો એમાં બાલ રામાયણ અને બાલ મહાભારત હતા. વિનાયકે માને પૂછ્યું કે, 'મા, તું તો કહેતી હતી કે મીઠાઈ લાવશે, આ તો પુસ્તકો છે,' માએ કહ્યું, 'બેટા, આ મીઠાઈ એ જ સાચી મિઠાઈ છે.' માતાપિતાએ આપેલા આ સંસ્કારો વિનોબા જીવનભર ભૂલ્યા નહીં.

વિનોબા ઉપર ગાંધીજીનો પણ વિશેષ પ્રભાવ રહ્યો. આ બંનેની પ્રથમ મુલાકાત પણ એટલી જ પ્રાસંગિક હતી. વિનોબા સંન્યાસની શોધમાં હતા. એવામાં ૪ ફેબ્રુઆરી ૧૯૧૬ના રોજ કાશીમાં એક કાર્યક્રમ થયો. એમાં રાજા-મહારાજાઓ-નવાબો-સામંતોને સંબોધીને ગાંધીજીએ કહ્યું કે, 'આપના ધનનો ઉપયોગ રાષ્ટ્ર નિર્માણમાં અને ગરીબોના કલ્યાણમાં કરો.' આ વાત અખબારોમાં છપાઈ. વિનોબાએ વાંચી, એમને થયું મારે આવા વ્યક્તિત્વની તો શોધ હતી. તેમને ગાંધીજીને પત્ર લખ્યો. જવાબમાં અમદાવાદ આશ્રમ આપવવાનું નિમંત્રણ આપ્યું. ૭ જુન ૧૯૧૬ના રોજ બંનેનું મિલન કોચરબ આશ્રમમાં થયું. વિનોબાને ગાંધીજીમાં શાંતિ અને ક્રાંતિના દર્શન થયા.

૧૯૫૧માં વિનોબાએ શરૂ કરેલા ભૂદાન યજ્ઞ - ભૂદાન આંદોલને દેશને એક નવી દિશા ચીંધી આપી. વિનોબાએ ગાંધી વિચારને અનુલક્ષીને રચનાત્મક કાર્યો - ટ્રસ્ટીશીપ ને પોતાના આશ્રમમાં અમલમાં મૂક્યા. સર્વોદય સમાજની સ્થાપના કરી. ચંબલના કેટલાયે ડાકુઓએ એમની સમક્ષ હથિયારો હેઠા મૂક્યા અને આત્મ સમર્પણ કર્યું.

અનુસંધાન પાના નં ૫ પર

આપણે સંતાનને રટ્ટુ પોપટ બનાવવો છે કે ગરુડ બનાવવો છે ?

વિચારયાત્રા
ડો. જય ઓઝા

આખી દુનિયા માટે હાવર્ડ અને ઓક્સફર્ડ યુનિવર્સિટી સમાન નાલંદા અને તક્ષશિલા વિદ્યાપીઠ ભારતમાં હતી. સાંદિપની, દ્રોણ અને પરશુરામ જેવા નોબલ પારિતોષિક વિજેતા સમાન ગુરુઓની આ પાવન ભૂમિ હતી.

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ આવી છે ત્યારે એક આશાનું કિરણ જાગ્યું છે. બાકી સેલ્ફ ફાઈનાન્સ કોલેજોની માર્કેટમાં દ્રોણ અને સાંદિપનીને પણ ધક્કે ચડાવીને તેવા શિક્ષણ દલાલો આંટા મારે છે. અત્યારની શિક્ષણ પદ્ધતિ આપણને ''સાઈલેન્સર'' જેવા પોપટ બનાવીને બહાર કાઢે છે. ગરુડ બનાવવાની ક્ષમતા આ શિયાળવાઓ પાસે નથી. પોપટની જેમ ગોખતા કે રટતાં આવડે તો ઘી કેળા છે. મુદ્દાને સમજ્યા છો કે નહીં તેનું જરા પણ મહત્ત્વ નથી. ગોખણપટ્ટી કેટલી આવડે છે તેનું મહત્ત્વ છે. ભૂગોળની દસ વર્ષ જૂની ચોપડીમાં લખ્યું છે કે ચેરાપુંજીમાં સૌથી વધુ વરસાદ પડે છે, એટલે અત્યારે ગ્લોબલ વોર્મિંગની અસરને કારણે રાજસ્થાનના રણમાં પણ પૂર આવે છે તે નહીં ભણવાનું. પુસ્તકમાં નથી ને !

ગણિતમાં પાયથાગોરસના પ્રમેય શાળામાં શીખ્યા તેનો વ્યવહારિક જીવનમાં ક્યારેય ઉપયોગ કર્યો નથી. ભવિષ્યમાં કેવી રીતે સફળ થવું ? મુશ્કેલીનો સામનો કેવી રીતે કરવો ? સફળતા ન મળે અને નિષ્ફળતા સાંપડે ત્યારે સ્થિર કેવી રીતે રહેવું ? તે આજે ૨૦૨૦માં કોઈ યુનિવર્સીટીના કોર્સમાં નથી.

નીલ પોસ્ટમેન નામના અમેરિકન શિક્ષણશાસ્ત્રી કહે છે કે : ''બાળક નિશાળમાં પ્રશ્નાર્થ ચિહ્ન સાથે દાખલ થાય છે અને પૂર્ણ વિરામ સાથે બહાર આવે છે.'' પણ આજનું ચિત્ર જોઈને અફસોસ સાથે કહેવું પડે કે બાળક નિશાળમાં પ્રશ્નાર્થ ચિહ્ન સાથે દાખલ થાય છે અને બહાર નીકળે ત્યારે આશ્ચર્ય ચિહ્ન તેના માથે ભમતું રહે છે. વળી મા-બાપ પણ સાહિત્યના રસિયા જીવને જીવવિજ્ઞાનમાં દેડકા ચીરવા પરાણે બેસાડી દે છે. એ બિચારાને દેડકાના ડ્રાઉ-ડ્રાઉમાં વર્ષાઋતુની સોડમ આવતી હોય છે. ચિત્રના રંગોની દુનિયા છોડીને કેમેસ્ટ્રીની થિયરીમાં ગોઠવી દે છે. સંગીતના દિવાનાને ગણિતના દાખલાના ઢગલા નીચે દાટી દે છે. શું ગમે છે તે નહીં જોવાનું પણ શેનું માર્કેટ ચાલે છે, તે પ્રમાણે પોરિયાને ગોઠવી દેવાનો. સચિન કે ધોનીને પદ્મશ્રી આપતી વખતે ડિગ્રીના ફરફરિયા ચેક નહોતા કર્યા. લતા મંગેશકરને ભારતરત્નથી નવાજતી વખતે બેચલર ડિગ્રીની માર્કશીટ લાવવાનું નહોતું કહ્યું. પરંતુ જ્યાં કાબેલ બનીને સફળતા ન મેળવી હોય ત્યાં ઉછીની સફળતા જ મળે.૧૨ સાયન્સના રિઝલ્ટ પછી શિક્ષણના દલાલો માર્કેટમાં આવી જાય છે. કર્ણાટકમાં બીડીએસમાં એડમિશનના આટલા, મહારાષ્ટ્રમાં અલગ ભાવ. બસ તમે રૂપિયા ખર્ચો. તમારા બાળકો ભણશે નહીં તો ચાલશે. દર છ મહિને તગડી ફી ચૂકવતા રહો અને પાંચ-છ વર્ષે તમારો ગગો કે ગગી ડિગ્રી સાથે બહાર આવશે. આવા ગગાઓ પપ્પાએ લાવી આપેલી બાઈક પાછળ મમ્મીએ પુરાવી આપેલા પેટ્રોલથી ગર્લફ્રેન્ડને બેસાડીને સેર-સપાટા તો કરી શકે છે. પણ એ જ કન્યાને ઘરમાં બેસાડીને ઘરની જવાબદારી ઉપાડવાનું કહો તો ગગો ગગડી પડે છે. જરા ગણતરી માંડીએ બારમા ધોરણ પછી બીજા છ કે સાત વર્ષ ભણ્યા પછી એને શું મળે છે ઈન્ટરવ્યૂની લાંબી લાઈન ! અને ત્યાર પછી બારમા પછી પોતાની પસંદગીનું ક્ષેત્ર ન લીધું હોવાથી પરાણે પરાણે એન્જિનીયર બન્યા હોય. હરિફાઈના યુગમાં બધા તમારાથી આગળ જવા તત્પર હોય. દિલ લગાવીને કામ કરો તો જ સફળ થવાય પરંતુ દિલ તો લાગે જ ક્યાંથી આપણે તો દિમાગ લગાવીને કોર્સમાં ઘૂસ્યા હતા. પછી બી.ઈ. સિવિલ થઈને કોલ સેન્ટરમાં નોકરી કરે. એવા ઈરાદે કે પૈસા મળે છે ને ભાઈ. પૈસા જ મહત્ત્વની ચીજ છે. પણ job satisfaction પણ જરૂરી છે ને ! પૈસા તો ચાની લારી કરવાથી પણ મળ્યા હોત અને તેમાં પણ આપણા માલિક તો આપણે જ હોત ને.

જેના મગજમાં સર્જનાત્મક વિચાર નથી આવતા એ ઈશ્વરના કરિશ્માનું અપમાન કરે છે. પરંતુ પુસ્તકિયા જ્ઞાનનો વાયરસ આપણા મગજના કમ્પ્યુટરમાં એવો ભરાઈ બેઠો છે કે ક્રિએટિવિટીને જામ કરી દઈને આપણી સિસ્ટમને કરપ્ટ કરી દે છે. આ વાહિયાત ડેટાને જલદીમાં જલદી recycle bin માં નાખી દેવો જરૂરી છે. આવી ફોર્થ ક્લાસ માહિતીનો ડેટા અંદર રાખતા રહીશું તો ઈશ્વરે આપણને આપેલા કરિશ્માનો અપમાન થયું ગણાશે.

આવા માહોલમાં જિંદગીમાં કંઈક ઉકાળવું હોય, કાઢું કાઢવું હોય, કંઈક કરી બતાવવું હોય તો out of the box વિચારવું પડશે ખૂબ વાંચવું પડશે, ચર્ચાઓ કરવી પડશે, સતત અપડેટ થયા હતા રહેવું પડશે. સમસ્યાની ભાષામાં વાત કરવાના બદલે સમાધાનની ભાષામાં વાત કરતા શીખવું પડશે.

દીકરા કે દીકરી ને પોપટ બનાવવો છે કે ગરુડ એ માતા-પિતા નક્કી કરી લે અને યુવાનોએ પણ નક્કી કરી નાખવાનું છે કે સાયલન્સર જેવા રટ્ટુ પોપટ બનીને સમાજમાં ડેન્જર સુગંધ ફેલાવી છે કે ક્રિએટિવ રેંચો બનીને દેશને ખરા અર્થમાં સુવાસિત કરવો છે.

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ એક ઊર્જા લઈને આવી છે. તેનો અમલ કરવો અને કરાવવો, તેના દરેક પાસાને સમજવા અને સમજાવવા તે આપણું પરમ કર્તવ્ય છે. આઝાદીના આટલા વર્ષો બાદ આપણે મેકોલેની ચુંગલમાંથી આઝાદ થઈને કંઈક નવું કરવાની હામ ભરી છે. આ શિક્ષણ નીતિ આપણને રચનાત્મકતા અને સર્જનાત્મકતાના સોપાનો સર કરાવશે તેમાં બેમત નથી પરંતુ તેની પૂર્વ શરત એ છે આ શિક્ષણ નીતિને સમજીને તેના વિશે પૂરતો અભ્યાસ કરીને આપણે આગળ વધવાનું છે.

કોમર્સના અનુસ્નાતક વિદ્યાર્થીને બેંકમાં જઈને સ્લીપ બુક કરતા પણ ન આવડે તેવી ભયાવહ પરિસ્થિતિ અત્યારે છે. તેમાંથી બહાર નીકળવાનું છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ હનુમાન કૂદકો છે અને હનુમાનજીએ જ્યારે સાગર પાર કરવા માટે કૂદકો લગાવ્યો ત્યારે મધદરિયે ઘણા રાક્ષસો અને રાક્ષસીઓ તેમના સાગર પાર જવાના નિશ્ચયને ડગાવવા માટે આવ્યા હતા પરંતુ તેઓ અટક્યા નહીં. આપણે પણ અટક્યા વગર આગળ વધવાનું છે.

jayuoza@gmail.com
Mo.9898046488

સુખ મળી જાય પછી ખરેખર સંતોષ થાય છે ખરો ?

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

એક ભાઈ પાસે ઑલ્ટો કાર હતી. એમને નવી સિટી હોન્ડા કાર લેવાની ઈચ્છા હતી. આર્થિક મુશ્કેલી હોવાથી એ ભાઈ હોન્ડા સિટી કાર લઈ નહોતા શક્યા. આ વર્ષે ધંધામાં સારી એવી કમાણી થતાં એમને થયું કે, હોન્ડા સિટી કાર લઈ લેવાશે. સિટી હોન્ડા કારમાં સુખ અને આનંદ એમને લાગતો હતો. એ ભાઈએ મન પસંદ સિટી હોન્ડા કાર લઈ લીધી.

એમની જુની ઑલ્ટો કાર બીજા ભાઈને વેચી દીધી. જે ભાઈએ ઑલ્ટો કાર લીધી એમની પાસે પલસર બાઈક હતું. એમનું સુખ ઑલ્ટો કારમાં હતું. ઑલ્ટો કાર લઈને એમણે પલસર બાઈક વેચી દીધું.

બાઈક ખરીદનાર ભાઈ પાસે સાઈકલ હતી. એમને સુખ પલસર બાઈકમાં લાગતું હતું. બાઈક લઈને એમણે સાઈકલ એક શ્રમિકને વેચી દીધી. શ્રમિકનું સુખ સાઈકલમાં હતું. આ ઘટનાક્રમમાં સાધનથી મળતા સુખના અલગ અલગ દ્રષ્ટિકોણની વાત છે. જેને સિટી હોંડામાં સુખ લાગતુ હતુ અને ઑલ્ટો કારમાં સુખ નહતુ લાગતુ એનાથી વિપરીત બીજાને ઑલ્ટો કારમાં સુખ દેખાતુ હતુ. ખરેખર સુખ એટલે શું ? આપણે સુખ માટે દિવસ રાત રઝળપાટ કરતા હોઈએ છીએ. આપણી ઈચ્છાઓ સંતોષાય એ સુખ છે એવું માનીએ છીએ. સામાન્ય રીતે જગતના પ્રત્યેક વ્યક્તિ કોઈક પ્રકારનું સુખ કે શાંતિની શોધમાં હોય છે. ઝઘડાઓ અને યુદ્ધો, સંઘર્ષો, પ્રશ્નો તથા ભરપુર ધાંધલ-ધમાલ વચ્ચે વ્યક્તિને એક એવો સમય કે એવું સ્થળ જોઈએ છે કે જ્યાં શાંતિનો પોરો મળે.

શાંતિ અને આનંદ મેળવવા માટે પ્રબુદ્ધ જ્ઞાની મહાપુરુષોથી માંડીને આચાર્યો, સંતો મહંતોના ઓટલા ફંફોસી નાખવામાં આવતા હોય છે. જે સુખ અને સંતોષની શોધ છે તે કોઈ ગુરુ કે કોઈ ભૌતિક સાધનમાંથી મળી જશે એ વાતમાં વિશ્વાસ બેસે છે ખરો ? સુખ મળી જાય તો ખરેખર સંતોષ થાય છે ? સુખ અને સંતોષ બે અલગ અલગ બાબતો છે. જેમ ઑલ્ટોવાળાનું સુખ સિટી હોન્ડામાં હતું એમ પલસર બાઈકવાળાનું સુખ ઑલ્ટો કારમાં હતું. પહેલાં તો એ વિચારી લેવું પડે કે આપણે જે હૃદયપૂર્વક ઈચ્છિએ છીએ શું ? સુખ કે સંતોષ ?

સામાન્ય રીતે બહુ ઓછા લોકો કોઈપણ બાબતનો આનંદ લઈ શકતા હોય છે. ઉગતો સૂરજ, ઉડતું પંખી, લીલી છમ વનરાજી ખુલી આંખે સહજતાથી જોઈ જરૂર લઈએ છીએ પણ એનો આનંદ નથી લેવામાં આવતો. ઉપલક દ્રષ્ટિએ જોવાયેલાં દ્રષ્યોને આપણે આનંદ કહીએ છીએ. આનંદ તો એક પરમ સત્ય છે. આનંદને આગોશમાં લેવા એને સમજવો પડે. જેમ જેમ વય વધતી જાય એમ જુદી જુદી વસ્તુઓ ગમવા લાગતી હોય છે. પરંતુ અંદરથી આનંદનું પરમતત્ત્વ ઊડી જતું હોય છે. પછી સત્તા, પૈસા, હોદ્દા, કામેચ્છા જેવી સંવેદનાઓમાં આનંદ લેવાની જ મથામણ હોય છે. આ તમામ બાબતો ઉપરછલ્લી છે. એની ટીકા ટીપ્પણીમાં પડવા કરતા જીવનમાં આ બાબતોને કેટલું અને કેવું સ્થાન આપવું એ વિષે સમજ કેળવવી પડે.

આનંદ મનની સંવેદનાઓનો એક પીંડ નથી. આનંદ મનની નખશીખ પરિશુદ્ધતાનું સ્વરૂપ હોવું જોઈએ. મહદંશે પોતાના અહમને પોષતી વાત આનંદ ગણી લેવાની ભૂલ બધા કરતા હોય છે. 'અહમ્લ ફેલાવવાની વાત કરનાર વ્યક્તિ આનંદની અનુભૂતિ ન કરી શકે, કારણ કે જ્યારે અહમનુ સામ્રાજ્ય હોય ત્યારે ખરો આનંદ માહ્યલામાં રહેતો જ નથી. આ સમજ નહીં કેળવાય તો બેની બદલે ચાર નવી કંપની ખોલવી, હિલ સ્ટેશન ફરવા જવું, ફોટા પાડવા, નાટક સિનેમા જોવા, બઢતી મેળવવી, સત્તા-પૈસા મેળવવા વગેરે ચક્કરોમાં ફરી છેલ્લે દુનિયા છોડી દેવા જેવી ક્ષુલ્લક બાબતોને જીવન સમજી લેવામાં આવશે.

પ્રશ્ન એ છે કે, સુખ એટલું શું ? મહદંશે માનવામાં આવે છે કે, ઈચ્છાઓની પુર્તી એટલે સુખ અને અપેક્ષા મુજબ ન થાય તો દુ:ખ. વાસ્તવિકતા એ છે કે, જ્યારે એમ લાગે કે સુખી છીએ તે ક્ષણે સુખ જતુ રહેતું હોય છે. કોઈ એમ વિચારે કે, હું વિનમ્ર છું તે જ મિનિટે નમ્રતા ધીમા પગલે બહાર ચાલી જતી હોય છે. સુખ પાછળ